SRISTI

તારીખ: ૦૮-૧૧-૨૦૧૪

પ્રતિ,

ડેકોરેટર્સ

**વિષય: વીસરાતી વાનગીઓના સાત્ત્વિક મહોત્સવમાં મંડપનું કામ કરવા બાબતે**

**તારીખ: ૨૦-૨૧-૨૨ ડિસેમ્બર, ૨૦૧૪**

**સ્થળ: આઇઆઇએમ ન્યુ કેમ્પસ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫**

**ક્વોટેશન મોકલવાની છેલ્લી તારીખ: ૩૦ નવેમ્બર, ૨૦૧૪**

સૃષ્ટિ એક ચેરીટેબલ ટ્રસ્ટ છે. જે છેલ્લા ૧૧ વર્ષથી આઇઆઇએમ અમદાવાદમાં વીસરાતી વાનગીઓના મહોત્સવનું નિરંતર આયોજન કરે છે. ચાલુ વર્ષે પણ ૨૦-૨૧-૨૨ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ આઇઆઇએમના નવા કેમ્પસમાં આયોજન કરેલ છે. જેમાં શહેરના જાણીતા અને અનુભવી ડેકોરેટર્સ પાસેથી ભાવની દરખાસ્ત મંગાવીએ છીએ.

૧. તમામ દરખાસ્તો/ક્વોટેશન ૩૦ નવેમ્બર, ૨૦૧૪ સુધીમાં સૃષ્ટિમાં સીલબંધ કવરમાં જમા કરાવવાના રહેશે. કવરની ઉપર "ડેકોરેટર્સ માટે દરખાસ્ત" એમ લખવું. ડેકોરેટર્સે કવરની ઉપર પોતાનું નામ, સરનામુ અને ઇમેઇલ આઇડી પણ લખવું જેથી સંપર્ક કરી શકાય.

૨. આવેલ તમામ દરખાસ્તોને સૃષ્ટિ સંસ્થા દ્વારા નિયુક્ત સમિતિ સમક્ષ ખોલવામાં આવશે. આ તમામ દરખાસ્તો/ક્વોટેશનમાંથી સૌથી ઓછો ભાવ હોય તેવા છેલ્લા સાત ડેકોરેટર્સને સૃષ્ટિ દ્વારા નિયુક્ત સમિતિ સમક્ષ રીવર્સ ક્વોટેશન માટે તક આપવામાં આવશે. જે તે કેટેગરીમાં સૌથી ઓછો ભાવ હશે તે ભાવ રીવર્સ ક્વોટેશન વખતે જે તે ડેકોરેટર્સને જણાવવામાં આવશે. રીવર્સ ક્વોટેશન બાદ જે ડેકોરેટર્સ પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમે આવશે તે ત્રણમાંથી સૃષ્ટિ સંસ્થા કોઈ એકની પસંદગી પાછલા વર્ષોના અનુભવો, કામ કરવાની ગુણવત્તા અને ક્ષમતાને આધારે કામ આપશે. એ બીલકુલ જરૂરી નથી કે સૌથી ઓછો ભાવ હોય તેને કામ આપવું. અલબત્ત ભાવને પણ ધ્યાનમાં લઇને નિર્ણય કરવામાં આવશે.

૩. છેલ્લા સાત ડેકોરેટર્સ સિવાય અન્ય ડેકોરેટર્સને (કે જેમના ભાવ ઉંચા હશે તેઓને) ચર્ચા માટે આમંત્રણ આપવામાં આવશે નહીં. આથી જરૂરી છે કે જે ભાવે આ કામ કરી શકો તે વ્યાજબી ભાવ જ ભરવા વિનંતી છે.

૪. ડેકોરેટર્સને કામનો અનુભવ અને પોતાની માલિકીના તમામ સાધન-સામગ્રી હોય તે જરૂરી છે. જરૂર લાગશે તો સમિતિ દ્વારા સ્થળ તપાસ પણ કરવામાં આવશે.

૫. ડેકોરેટર્સે પ્રતિષ્ઠિત કંપનીઓ સંસ્થાઓમાં કરેલ કામનો અનુભવ પણ રીવર્સ ક્વોટેશન દરમિયાન સમીતિ વિચારણામાં લેશે.

૬. ૧૯ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ સાંજે ૪ કલાકે તમામ સ્ટોલ અને વિજળીના ઉપકરણો ચાલુ હાલતમાં સુપરત કરવાના રહેશે.

૭. તમામ વિજળીના ઉપકરણો, કેબલ વગેરે સુરક્ષિત (જોખમ રહિત) હોવા જરૂરી છે. કોઇપણ પ્રકારના સાંધાવાળા કે ખુલ્લા વાયરો રાખવાની સખ્ત મનાઇ છે. હેલોજન, ટ્યુબલાઇટ વગેરે કાપડના સ્ટોલ કે ઝૂલથી દૂર રાખવાની જવાબદારી ડેકોરેટર્સને શીરે છે. હલકી ગુણવત્તાના ઉપકરણો/વાયરના કારણે કોઇપણ પ્રકારનું સામાનને અથવા માનવીય નુકસાન માટે ડેકોરેટર્સ જવાબદાર હશે. આ માટે ખાસ જરૂરી છે કે કોઇપણ પ્રકારના ખુલ્લા વાયરોનો ઉપયોગ ન કરવામાં આવે. પસંદ થયેલ ડેકોરેટર્સે આ બાબતે અલગથી સૃષ્ટિ સંસ્થાને ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરીપત્ર આપવાની રહેશે કે તેઓ સુરક્ષાને ધ્યાનમાં રાખીને જરૂરી તમામ માન્ય માપદંડો અનુસાર જ કામ કરશે.

૮. ૧૯ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ સાંજે ૫ કલાકથી ૨૩ તારીખ રાત્રે ૧૨ કલાક સુધી ઓછામાં ઓછા બે અનુભવી ઇલેક્ટ્રિશ્યન ચોવીસે કલાક મહોત્સવના સ્થળ પર હાજર હોવા અનિવાર્ય છે.

૯. મંડપનું કાપડ અને ગ્રીન નેટ એકદમ સ્વચ્છ હોવી જરૂરી છે. કોઇપણ જગ્યાએ હલકી ગુણવત્તાના અથવા અસ્વચ્છ કે પછી ડાઘવાળા કપડા કે નેટનો ઉપયોગ કરેલ હશે તો તે તરત જ બદલાવવામાં આવશે આ માટે ડેકોરેટર્સે કોઇપણ ચર્ચા કર્યા સિવાય ફરજીયાતપણે આયોજકના આદેશનો અમલ કરવાનો રહેશે.

૧૦. ક્વોટેશનમાં જણાવેલ તમામ વસ્તુઓમાંથી કેટલીક વસ્તુઓ/સામગ્રીનો ઉપયોગ ન પણ કરવામાં આવે અથવા ક્વોટેશનમાં જણાવેલ કરતા વધુ કે ઓછી સામગ્રીની જરૂરિયાત ઉભી પણ થઇ શકે છે. આ માટે આયોજકની સૂચનાઓ અનુસાર જ ડેકોરેટર્સે વર્તવાનું રહેશે.

૧૧. સાત્ત્વિક મહોત્સવના સુચારૂ આયોજન અંગે ડેકોરેટર્સે આયોજક તરફથી મળતી તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. મહોત્સવ દરમ્યાન ડેકોરેટર્સના બે થી ત્રણ કારીગરો સ્થળ ઉપર હાજર હોવા જરૂરી છે જેથી તમામ ફરિયાદનું નિરાકરણ આવે.

૧૨. જે ડેકોરેટર્સને કામ મળે તે અન્ય કોઇને સબકોન્ટ્રાક્ટ આપી શકશે નહિ. અપવાદરૂપ ઇલેક્ટ્રીકના કામો માટે છૂટછાટ આપવામાં આવશે. સૂચિત નિયમોનું પાલન કરાવવાની જવાબદારી મુખ્ય ડેકોરેટર્સની રહેશે.

૧૩. ૨૩ તારીખે રાત્રે મહોત્સવ પૂર્ણ થયે તમામ ઉપયોગમાં લેવાયેલ સામાનની ગણતરી સ્થળ ઉપર જ કરાવવાની જવાબદારી ડેકોરેટર્સની રહેશે.

૧૪. સ્ટોલ ધારકોની વધારાની ટેબલ, ખુરશી, મંડપ કે વાસણોની જરૂરિયાત અંગે ડેકોરેટર્સ એ સૃષ્ટિ સાથે કરેલ ભાવથી જ વધારાની સુવિધા પૂરી પાડવાની રહેશે. જે સ્ટોલ ધારકોને અલગથી સામાન/સામગ્રી આપેલ હશે તે પરત લેવાની જવાબદારી ડેકોરેટર્સની રહેશે. ડેકોરેટર્સે સ્ટોલ ધારકો પાસેથી વધારાના સામાનના પૈસા સ્વયં લઇ લેવાના રહેશે.

૧૫. દરેક સ્ટોલમાં ૧૦ x ૧૦નો કાપડનો સ્ટોલ, ૪ ટેબલ, ૪ ખુરશી, સ્ટોલની આગળ પાંચ ફૂટનું તડકો રોકવા કાપડ સાથેનુ છજુ વગેરે સ્ટોલ ધારકને પૂરા પાડવાનું રહેશે. દરેક સ્ટોલમાં ટેબલ-ખુરશી અને ટેબલકલોથ પહોંચાડવાની જવાબદારી ડેકોરેટરની રહેશે.

૧૬. ક્વોટેશનમાં જણાવેલ તમામ સામાન વપરાશે તે જરૂરી નથી. મહોત્સવના સાત દિવસ અગાઉ સૃષ્ટિ સંસ્થા દ્વારા ક્યા ક્યા સામાનની જરૂર પડશે તે લેખીતમાં જાણ કરવામાં આવશે. તે મુજબ જ સામાનનો વપરાશ કરવાનો રહેશે. મહોત્સવ દરમ્યાન વધારાના ટેબલ, ખુરશી, લાઇટ, ગાદલા સેટ વગેરેની જરૂરિયાત અનુસાર માંગ કરવામાં આવશે જે પુરી કરવાની રહેશે.

૧૭. પાકુ બિલ વેટ નંબર સાથેનું આપવાનું રહેશે. બિલ રજૂ થયાના દસ દિવસમાં સૃષ્ટિ તરફથી એકાઉન્ટ પે ચેકથી ચુકવણી કરવામાં આવશે.

૧૮. દરેક સ્ટોલમાં ડેકોરેટર્સ દ્વારા બેનર લગાવી આપવાના રહેશે. આ માટે આયોજક જરૂરી મહેનતાણુ ચુકવી આપશે.

૧૯. પ્રાપ્ત તમામ ક્વોટેશન/આવેદનપત્રો સ્વીકારવા કે અસ્વીકાર કરવાનો અધિકાર સૃષ્ટિ સંસ્થાને હસ્તક રહેશે.

**નોંધ:** કામ મેળવવા માટે કોઈ પણ પ્રકારની ભલામણ કે આગ્રહને અવકાશ નથી. આ પ્રકારનો આગ્રહ રાખનાર ડેકોરેટર્સનું ફોર્મ રદ થવાને પાત્ર છે.

સેક્રેટરી, સૃષ્ટિ

**ક્વોટેશન મોકલવાનું સરનામુઃ** સૃષ્ટિ, AES બૉયઝ હોસ્ટેલ કેમ્પસમાં, ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરી અને સ્ટેટ બેંક નજીક, નગરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ફોન. ૦૭૯- ૨૭૯૧ ૩૨૯૩, ૨૭૯૧ ૨૭૯૨, Email: sattvik@sristi.org

**Details of Quotations required for 12th Traditional Food Festival to be held from December 20-21-22, 2014 (three days) at New Campus, IIM Ahmedabad**

| Sr. No. | Description of items | Unit of items (approx.) | Rate per unit for three (3) days (Rs.) | Remarks, if any |
|---|---|---|---|---|
| 1 | PVC chairs | 600 | | |
| 2 | Table with iron legs | 450 | | |
| 3 | Table cloth - Pvc | 450 | | |
| 4 | Plain white cloth wall with danda (6 ft. height) | 3500 Ft | | |
| 5 | PVC net flooring | 1000 bras | | |
| 6 | Plain white mandap (Bamboo, Height 10 feet) | 500 bras | | |
| 7 | Plain white pipe mandap (Height 12 feet) | 500 bras | | |
| 8 | Stalls: Size; 10 x 10 ft. , 4 tables with cloth cover and 4 plastic chairs, 5 fit Cloth portico (છજુ) | 115 stall | | |
| 9 | Main Gate medium size | 1 | | |
| 10 | Simple small gate (inside festival) | 1 | | |
| 11 | Stage: 10 x 10 ft with back drop framing | 1 | | |
| 12 | Dust bin (Nala) (large size) | 100 | | |
| 13 | Halogen lamp white (150 watt) | 30 | | |
| 14 | Halogen lamp white (400 watt) | 30 | | |
| 15 | Halogen lamp yellow(500 watt) | 200 | | |
| 16 | Tube light (40 watt) | 225 | | |
| 17 | Pedestal Fans | 5 | | |
| 18 | Plug points (15A) | 150 | | |
| 19 | Main power cable (per running foot) | 3000 ft | | |
| 20 | panel board | 7 | | |
| 21 | Sound system (Small speaker - 20, Mike cordless - 4, Standy - 2) | - | | |
| 22 | Mattress, Pillow, blanket sets | 200 | | |
| 23 | Bamboo Barricade | 4000 ft | | |
| 24 | Framing wall(Running foot) | 1000 ft | | |
| 25 | Washbasin | 10 | | |
| 26 | Counter with Framing | 7 | | |
| 27 | Simple counter | 10 | | |
| 28 | Stage (nif) | 300 Sq. ft | | |
| 29 | Stage patt (5 X 2.5 feet) | 100 | | |
| 30 | Entry flag/poll flag | 100 | | |
| 31 | Par light | 4 | | |
| 32 | Transportation charges for all items put together | | | |
| 33 | Government Taxes | | | |
| | | | | |
| | **Total** | | | |

Name & Signature of Proprietor : ____________________________________________

Name of the Firm/Company : ____________________________________________

Experience : ____________________________________________

Address : ____________________________________________

____________________________________________

Phone/Mobile No. : ____________________________________________

નોંધઃ મંડપનું કાપડ અને ફ્લોરિંગ સ્વચ્છ ગુણવત્તાવાળુ વાપરવાનું રહેશે.

***Last date for submission of quotations: 30th November, 2014***

**Contact address:**

SRISTI,
AES Boys Hostel Campus,Near Gujarat University Library & SBI,
Navrangpura, Ahmedabad - 380 009
Tel: 079 - 2791 3293, 2791 2792, Mo: 9825061139
Email: sattvik@sristi. org
web: www.sristi.org